# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika

વર્ષ : ૧૫ | ૨૦૨૧ : જૂન

અંક : ૩ | આજીવન : રૂ. ૧૦૦૦/-



**: તંત્રી :**

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



## : પ્રકાશક :

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

### શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | ચિ. ધ્રુવુ પરિમલભાઈ દવે<br>હસ્તે – પરિમલભાઈ અરવિંદભાઈ દવે | વડોદરા | રૂ. ૧૫૫૧/– |
| ૨. | સ્વ. પ્રભાવતીબેન ખંભોળજાની સ્મૃતિમાં<br>હસ્તે – નરેન્દ્રભાઈ વાસુદેવભાઈ ખંભોળજા | અમદાવાદ | રૂ. ૨૧૦૦૦/– |
| ૩. | બ્રીજેશ કૃષ્ણકાંત દવેની સ્મૃતિમાં<br>હસ્તો – સ્વ. કૃષ્ણકાંત કીરપાશંકર દવે પરિવાર | – | રૂ. ૧૫૫૧/– |
| ૪. | સ્વ. કૃષ્ણકાંત કે. દવેની સ્મૃતિમાં<br>હસ્તે – ગં.સ્વ. દક્ષાબેન કૃષ્ણકાંત દવે પરિવાર | – | રૂ. ૧૫૫૧/– |
| ૫. | સ્વ. સ્મિતાબેન દવેની સ્મૃતિમાં<br>હસ્તે – પ્રતિકભાઈ દવે | વસો | રૂ. ૧૫૫૧/– |
| ૬. | હિનાબેન મહેતાની સ્મૃતિમાં<br>હસ્તે – સુરેશભાઈ બી. મહેતા | અમદાાદ | રૂ. ૧૫૫૧/– |
| ૭. | સ્વ. ગણપતલાલ વ્રજલાલ શેલતની સ્મૃતિમાં<br>હસ્તે – મનહરલાલ શેલત | અમદાવાદ | રૂ. ૨૩૦૦/– |
| ૮. | સ્વ. નર્મદાબેન ગણપતલાલ શેલતની સ્મૃતિમાં<br>હસ્તે – મનહરલાલ શેલત | અમદાવાદ | રૂ. ૨૩૦૦/– |
| ૯. | સ્વ. શશાંક મનહરલાલ શેલતની સ્મૃતિમાં<br>હસ્તે – મનહરલાલ શેલત | અમદાવાદ | રૂ. ૨૩૦૦/– |
| ૧૦. | સ્વ. ઈન્દુમતીબેન એન. જોષીની સ્મૃતિમાં<br>હસ્તે – મનહરલાલ શેલત | અમદાવાદ | રૂ. ૨૩૦૦/– |
| ૧૧. | સ્વ. નવનીતલાલ એમ. જોષીની સ્મૃતિમાં<br>હસ્તે – મનહરલાલ શેલત | અમદાવાદ | રૂ. ૨૩૦૦/– |
| ૧૨. | સ્વ. શ્રીમતી હંસાબેન દેસાઈની સ્મૃતિમાં<br>હસ્તે – શ્રી હરેશભાઈ દેસાઈ | | રૂ. ૫૦૦૦/– |
| ૧૩. | સ્વ. શ્રી વિઠ્ઠલરાય જે. ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે – શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/– |
| ૧૪. | સ્વ. શ્રી અરૂણભાઈ પી. દવેની સ્મૃતિમાં<br>હસ્તે – શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/– |
| ૧૫. | સ્વ. ભાનુમતીબેન ઠાકરની સ્મૃતિમાં<br>હસ્તે – ચંદ્રશંકર જયશંકર ઠાકર | અમદાવાદ | રૂ. ૧૫૫૧/– |
| ૧૬. | સ્વ. જયંતિલાલ એચ. દવેની સ્મૃતિમાં<br>હસ્તે – અરૂણકુમાર જોષી | વડોદરા | રૂ. ૨૧૦૦/– |
| ૧૭. | હરીશચંદ્ર કિરપાશંકર ઠાકરની સ્મૃતિમાં<br>હસ્તે – અજીતભાઈ બી. દવે | આણંદ | રૂ. ૧૫૫૧/– |
| ૧૮. | સ્વ. ઉર્મિલાબેન પંડ્યાની સ્મૃતિમાં<br>હસ્તે – પ્રશાંતભાઈ પંડ્યા | અમદાવાદ | રૂ. ૨૦૦૦/– |

# તંત્રી લેખ...

## શ્રીમદ ભગવદ ગીતા : ષોડશ અધ્યાય - દેવાસુર સંપદવિભાગ યોગ

*ભયનું સંપૂર્ણપણે અભાવ હોવ, અંતઃકરણ પૂર્ણરૂપે નિર્મળ હોવું, તત્વજ્ઞાનને અર્થે ધ્યાનયોગમાં નિરંતર દ્રઢ સ્થિતિ હોવી, સાત્વિક દાન કરવું. ઈન્દ્રિયોને પોતાના વશમાં રાખવી, ભગવાન, દેવતા અને વડીલોની પૂજા કરવી તેમજ અગ્નિહોત્ર આદિ ઉત્તમ કર્મોનું આચરણ કરવું. વેદ શાસ્ત્રોનું પઠન-પાઠન અને ભગવાનનાં નામ તેમજ ગુણોનું કીર્તન કરવું. સ્વધર્મ-પાલન અર્થે કષ્ટ સહવું તથા શરીર અને ઈન્દ્રિયોસહિત અંતઃકરણમાં ઋજુભાવ હોવો, મન, વાણી અને શરીરથી કોઈ પણ પ્રકારનું કોઈનેય કષ્ટ ન આપવું, યથાર્થ અને પ્રિય બોલવું, પોતાના પર અપકાર કરનાર પર પણ ક્રોધ ન હોવો, કર્મોમાં કર્તાપણાના અભિમાનનો ત્યાગ, અંતઃકરણની ઉત્પતિ એટલે કે ચિત્તની ચંચળતા ન હોવી, કોઈનાં યે નિંદા આદિ ન કરવાં, સર્વ ભૂત-પ્રાણીઓ પર કશાય હેતુ વિના દયાભાવ રાખવો, ઈન્દ્રિયોનો વિષયો સાથે સંયોગ થવા છતાં પણ વિષયો પ્રતિ આસક્તિ ન હોવી, મૃદુ સ્વભાવ હોવો, લોક અને શાસ્ત્રથી વિરૂદ્ધ આચરવામાં લજ્જા થવી તથા વ્યર્થ ચેષ્ટાઓ ન થવી, તેજ, ક્ષમા, ધૈર્ય, બાહ્યશુદ્ધિ કોઈના પ્રત્યે શત્રુભાવ ન હોવો, પોતાનામાં પૂજ્યતાનું અભિમાન ન હોવું - આ સઘળાં હે ભારત, દેવી સંપદા લઈને જન્મેલા માણસનાં લક્ષણો છે.*

*દંડ, ઘમંડ અભિમાન, ક્રોધ, કઠોરતા અને વળી અજ્ઞાન - આ સઘળાં આસુરી સંપદા લઈને જન્મેલા માણસનાં લક્ષણો છે. દેવી સંપદા મુક્તિ માટે અને આસુરી સંપદા બાંધવા માટે મનાઈ છે, તું દૈવી સંપદા લઈને જન્મ્યો છે માટે હે પાંડવ ! તું શોક ના કર.*

*આ લોકમાં ભૂતોની સૃષ્ટિ એટલે કે મનુષ્ય સમુદાય બે જ પ્રકારના છે. એક દૈવી પ્રકૃતિનો અને બીજો આસુરી પ્રકૃતિનો. એમાંથી દૈવી પ્રકૃતિના સમુદાય વિષે તો અગાઉ વિસ્તારથી કહ્યું, હવે તું આસુરી પ્રકૃતિના મનુષ્ય સમુદાય વિશે પણ વિસ્તારપૂર્વક મારી પાસેથી સાંભળ. આસુરી સ્વભાવના માણસો પ્રવૃતિ અને નિવૃતિ - આ બેયને નથી જાણતા; માટે એમનામાં નથી તો બાહ્ય-આંતરિક શુદ્ધિ હોતી, નથી શ્રેષ્ઠ આચરણ હોતું કે નથી સત્યભાષણ પણ હોતું. આસુરી પ્રકૃતિના એ માણસો કહ્યા કરે છે કે જગત આશ્રય વિનાનું, સાવ અસત્ય અને ઈશ્વર વિના આપમેળે માત્ર સ્ત્રી-પુરુષના સંયોગથી ઉદ્ભવ્યું છે, માટે કેવળ કામ જ એનું કારણ છે , એ કામ સિવાય બીજું શું છે ?*

*આ મિથ્યા દષ્ટિને આધારે નાશ પામેલ સ્વભાવના, મંદબુદ્ધિના, સૌનો અપકાર કરનારા, ક્રુરકર્મી માણસો માત્ર જગતનો નાશ કરવા માટે જ સમર્થ હોય છે. દંભ, માન અને મદથી ભરેલા એ માણસો કોઈ પણ રીતે પુરી ન થનારી કામનાઓનો આશરો લઈને, અજ્ઞાનને લીધે મિથ્યા સિદ્ધાંતોને પકડીને તેમજ ભ્રષ્ટ આચરણો ધારણ કરીને સંસારમાં વિચરે છે. તદુપરાંત તેઓ મૃત્યુપર્યન્ત રહેનારી અસંખ્ય ચિંતાઓનો આશરો લેનાર, વિષયોને ભોગવવામાં તત્પર રહેનારા અને 'આટલું જ સુખ છે' એમ માનનાર હોય છે. આશાના સેંકડો ફંદાઓથી બંધાયેલાએ માણસો કામ અને ક્રોધને પરાયણ થઈને વિષયભાગોને અર્થે અન્યાયથી ધન આદિ પદાર્થોને ભેગા કરવાના પ્રયત્નો કર્યા કરે છે. તેઓ વિચાર્યા કરે છે કે મેં આજે આ મેળવી લીધું અને હવે આ મનોરથને પાર પાડીશ, મારી પાસે આટલું ધન છે અને હજી પણ આ થઈ જશે. પેલો શત્રુ તો મારા વડે હણાયો અને પેલા બીજા શત્રુઓને પણ હું હણી નાખીશ; હું ઈશ્વર છું. ઐશ્વર્યને ભોગવનારો છું. હું સઘળી સિદ્ધિઓથી યુક્ત છું તથા બળવાન અને સુખી છું.*

હું ઘણો ધનવાન છું અને મારું આટલું મોટું કુટુંબ છે, મારા જેવો બીજો કોણ છે ? હું યજ્ઞ કરીશ, દાન દઈશ અને મોજ મજા કરીશ – આમ અજ્ઞાનને કારણે મોહિત રહેનારા, અનેક રીતે ભ્રામિતચિત તથા મોહરૂપી જાળથી વીંટળાયેલા, તેમજ વિષયભોગોમાં રચ્યાપચ્યા રહેનારા આસુરીજનો મહાન અપવિત્ર નરકમાં પડે છે. એવા પોતે પોતાને જ શ્રેષ્ઠ માનનારા ઘમંડી માણસો ધન અને માનના મદથી ચૂર થઈને કેવળ નામ્મતરના યજ્ઞો વડે ઢોંગ કરવા ખાતર શાસ્ત્રવિધિ કર્યા વિના યજન કરે છે. અહંકાર, બળ, ઘમંડ, કામના અને ક્રોધ આદિને પરાયણ રહેનારા એ સિવાય બીજા અનાચારોમાં રચ્યાપચ્યા તથા બીજાની નિંદા કરનારા એ માણસો પોતાના તેમ જ બીજાના શરીરમાં રહેલા મુજ અંતર્યામીનો જ દ્વેષ કરે છે એ દ્વેષ કરનારા, પાપાચારીઓ અને ક્રુરકર્મી નરાધમોને હું વારંવાર સંસારમાં આસુરી યોનીઓમાં જ નાખુ છું. એ મૂર્ખાઓ મને પામ્યા વિના જ જનમોજનમ આસુરી યોનીને પામે છે, ઓછી એનાથીય ઘણી નીચ ગતિને પામે છે એટલે કે ઘોર નરકોમાં પડે છે.

કામ, ક્રોધ તથા લોભ – આ ત્રણ જાતનાં નરકના દ્વાર આત્માનો નાશ કરનારાં એટલે કે એને અધોગતિએ લઈ જનારાં છે, માટે આ ત્રણેયને ત્યજી દેવાં જોઈએ. આ ત્રણેય નરકનાં દ્વારોથી છુટેલા માણસ પોતાનું કલ્યાણ આચરે છે માટે એ પરમ ગતિને એટલે કે મને પામી જાય છે. જે માણસ શાસ્ત્રવિધીને છોડીને પોતાની ઈચ્છા પ્રમાણે મનમાન્યું આચરણ કરે છે, એ ન તો સિદ્ધિને પામે છે, ન કોઈ પરમ ગતિને કે ન સુખને આથી તારા માટે આ કર્તવ્ય અને કર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણે છે, એમ જાણીને તારા માટે શાસ્ત્રવિધિ પ્રમાણે નિયત થયેલું કર્મ જ કરવા યોગ્ય છે.

– અસ્તુ

**તંત્રી – શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# જ્ઞાતિજનો જોગ

સુજ્ઞ જ્ઞાતિજનો,

હાલની વૈશ્વિક કોરોના મહામારીની અસર આપણા દેશમાં પણ છે. આપણા રાજ્યમાં, આપણા ગામમાં પણ આપણે આ પરિસ્થિતિમાંથી ગુજરી રહ્યા છીએ. આવા સંજોગોમાં જ્ઞાતિ–સમાજના મંડળો દ્વારા કોઈ જાહેર પ્રવૃતિઓ કરી શકાતી નથી કે કોઈ પ્રોગ્રામ પણ કરી શકાતા નથી. સાથે સાથે વ્હોટસ એપ, ફેસબુક તેમજ જ્ઞાતિ સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા અવાર–નવાર સોશિયલ મિડીયા દ્વારા જન્માક્ષરનો ની પણ આપ–લે થતી હોય છે. આવા સંજોગોમાં બાજખેડાવાળ પત્રિકામાં જન્માક્ષર રૂપી સમાચાર પણ આવવાના ઓછા થયેલ છે. જેથી આ મહામારીને અંત ના આવે ત્યાં સુધી પત્રિકાના પેજ ન થવાને કારણે બાજખેડાવાળ પત્રિકા પ્રકાશિત કરી શકીએ નહીં જે સ્વાભાવિક છે. સમય અને સંજોગોને ધ્યાનમાં રાખી સંસ્થા દ્વારા લેવાતા નિર્ણયો આપશ્રી ધ્યાનમાં લઈ ઘટતુ કરશો.

| ભૂપેન્દ્રભાઈ ખંભોળજા | સમીરભાઈ દવે | જગતભાઈ દવે |
|---|---|---|
| પ્રમુખશ્રી | મંત્રીશ્રી | તંત્રીશ્રી |

## જાણવા જેવું...

આપણી નવી પેઢી ધર્મથી દૂર થતી જાય છે. સંખ્યાથી તો હિન્દુ ધર્મ પાળતી પ્રજા ૧૦૦ કરોડ ઉપર છે પણ આપણા મહાન હિન્દુ ધર્મ વિશે બાળકો પાસે સાચી માહિતી નથી તો તમે પણ આ માહિતી વાંચો અને બાળકોને પણ વંચાવો.

**(૧) હિન્દુ ધર્મ પ્રમાણે માનવજીવનના સોળ સંસ્કારો**

(૧) ગર્ભાધાન સંસ્કાર (૨) પુંસનવ સંસ્કાર (૩) સીમંતોન્નયન સંસ્કાર (૪) જાતકર્મ સંસ્કાર (૫) નામકરણ સંસ્કાર (૬) નિષ્ક્રમણ સંસ્કાર (૭) અન્નપ્રાશન સંસ્કાર (૮) વપન (ચૂડાકર્મ) સંસ્કાર (૯) કર્ણવેધ સંસ્કાર (૧૦) ઉપનયન સંસ્કાર (૧૧) વેદારંભ સંસ્કાર (૧૨) કેશાન્ત સંસ્કાર (૧૩) સમાવર્તન સંસ્કાર (૧૪) વિવાહ સંસ્કાર (૧૫) વિવાહગ્નિપરિગ્રહ સંસ્કાર (૧૬) અગ્નિ સંસ્કાર

**(૨) હિન્દુ ધર્મના ઉત્સવો**

(૧) નૂતન વર્ષારંભ (૨) ભાઈબીજ (૩) લાભપાંચમ (૪) દેવદિવાળી (૫) ગીતા જંયતી (માગસર સુદ એકાદશી) (૬) ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ (૭) વસંત પંચમી (૮) શિવરાત્રિ (૯) હોળી (૧૦) રામનવમી (૧૧) અખાત્રીજ (૧૨) વટસાવિત્રી (જેઠપૂર્ણિમા) (૧૩) અષાઢી બીજ (૧૪) ગુરુપૂર્ણિમા (૧૫) શ્રાવણી-રક્ષાબંધન (૧૬) જન્માષ્ટમી (૧૭) ગણેશચતુર્થી (૧૮) શારદીય નવરાત્રી (૧૯) વિજયાદશમી (૨૦) શરદપૂર્ણિમા (૨૧) ધનતેરસ (૨૨) દિપાવલી

**(૩) હિન્દુ-તીર્થો - ભારતના ચાર ધામ**

(૧) દ્વારકા (૨) જગન્નાથપુરી (૩) બદરીનાથ (૪) રામેશ્વર

**(૪) હિમાલયના ચાર ધામ**

(૧) યમુનોત્રી (૨) ગંગોત્રી (૩) કેદારનાથ (૪) બદરીનાથ

**(૫) હિમાલયના પાંચ કેદાર**

(૧) કેદારનાથ (૨) મદમહેશ્વર (૩) તુંગનાથ (૪) રુદ્રનાથ (૫) કલ્પેશ્વર

**(૬) ભારતની સાત પવિત્ર પુરી**

(૧) અયોધ્યા (૨) મથુરા (૩) હરિદ્વાર (૪) કાશી (૫) કાંચી (૬) અવંતિકા (૭) દ્વારિકા

**(૭) દ્વાદશ જ્યોતિર્લિંગ**

(૧) મલ્લિકાર્જુન (શ્રી શૈલ-આંધ્રપ્રદેશ) (૨) સોમનાથ (પ્રભાસ પાટણ-ગુજરાત) (૩) મહાકાલ (ઉજ્જૈન-મધ્યપ્રદેશ) (૪) વૈદ્યનાથ (પરલી-મહારાષ્ટ્ર) (૫) ઓમકારેશ્વર (મધ્યપ્રદેશ) (૬) ભીમાશંકર (મહારાષ્ટ્ર) (૭) ત્ર્યંબકેશ્વર (મહારાષ્ટ્ર) (૮) નાગનાથ (દ્વારિકા પાસે-ગુજરાત) (૯) કાશીવિશ્વનાથ (કાશી-ઉત્તરપ્રદેશ) (૧૦) રામેશ્વર (તમિલનાડુ) (૧૧) કેદારનાથ (ઉત્તરાંચલ) (૧૨) ઘૃષ્ણેશ્વર (દેવગિરિ-મહારાષ્ટ્ર)

**(૮) અષ્ટવિનાયક ગણપતી**

(૧) ઢુંઢીરાજ - વારાણસી (૨) મોરેશ્વર - જેજૂરી (૩) સિદ્ધટેક (૪) પદ્માલય (૫) રાજૂર (૬) લેહ્યાદ્રિ (૭) ઑંકાર ગણપતિ - પ્રયાગરાજ (૮) લક્ષવિનાયક - ઘુશ્મેશ્વર

**(૯) શિવની અષ્ટમૂર્તિઓ**

(૧) સૂર્યલિંગ કાશ્મીરનું માર્તંડ મંદિર / ઓરિસ્સાનું કોર્ણાક મંદિર / ગુજરાત મોઢેરાનું મંદિર (૨) ચંદ્રલિંગ – સોમનાથ મંદિર (૩) યજમાન લિંગ – પશુપતિનાથ (નેપાલ) (૪) પાર્થિવલિંગ – ઓકામેશ્વર (શિવકાંશી) (૫) જલલિંગ – જંબુકેશ્વર (ત્રિચિનાપલ્લી) (૬) તેજોલિંગ – અરુણાચલેશ્વર (તિરુવન્નુમલાઈ) (૭) વાયુલિંગ – શ્રી કાલહસ્તીશ્વર (૮) આકાશલિંગ – નટરાજ (ચિંદબરમ)

**(૧૦) પ્રસિદ્ધ ૨૪ શિવલિંગ**

(૧) પશુપતિનાથ (નેપાલ) (૨) સુંદરેશ્વર (મદુરા) (૩) કુંભેશ્વર (કુંભકોણમાં) (૪) બૃહદીશ્વર (તાંજોર) (૫) પક્ષીતીર્થ (ચેંગલપેટ) (૬) મહાબળેશ્વર (મહારાષ્ટ્ર) (૭) અમરનાથ (કાશ્મીર) (૮) વૈદ્યનાથ (કાંગજા) (૯) તારકેશ્વર (પશ્ચિમ બંગાળ) (૧૦) ભુવનેશ્વર (ઓરિસ્સા) (૧૧) કંડારિકા શિવ (ખાજુરાહો) (૧૨) એકલિંગજી (રાજસ્થાન) (૧૩) ગૌરીશંકર (જબલપુર) (૧૪) હરીશ્વર (માનસરોવર) (૧૫) વ્યાસેશ્વર (કાશી (૧૬) મધ્યમેશ્વર (કાશી) (૧૭) હાટકેશ્વર (વડનગર) (૧૮) મુક્તપરમેશ્વર (અરુણાચલ) (૧૯) પ્રતિજ્ઞેશવર (કૌંચ પર્વત) (૨૦) કપાલેશ્વર (કૌંચ પર્વત) (૨૧) કુમારેશ્વર (કોંચ પર્વત) (૨૨) સર્વેશ્વર (ચિતોડ) (૨૩) સ્તંભેશ્વર (ચિત્તોડ) (૨૪) અમરેશ્વર (મહેન્દ્ર પર્વત)

**(૧૧) સપ્ત બદરી**

(૧) બદરીનારાયણ (૨) ધ્યાનબદરી (૩) યોગબદરી (૪) આદિ બદરી (૫) નૃસિંહ બદરી (૬) ભવિષ્ય બદરી (૭) વૃદ્ધબદરી

**(૧૨) પંચનાથ**

(૧) બદરીનાથ (૨) રંગનાથ (૩) જગન્નાથ (૪) દ્વારિકાનાથ (૫) ગોવર્ધનનાથ

**(૧૩) પંચકાશી**

(૧) કાશી (વારાણસી) (૨) ગુપ્તકાશી (ઉત્તરાખંડ) (૩) ઉત્તરકાશી (ઉત્તરાખંડ) (૪) દક્ષિણકાશી (તેશકાશી–તમિલનાડુ) (૫) શિવકાશી

**(૧૪) સપ્તક્ષેત્ર**

(૧) કુરુક્ષેત્ર (હરિયાણા) (૨) હરિહિર ક્ષેત્ર (સોનપુર–બિહાર) (૩) પ્રભાસ ક્ષેત્ર (સોમનાથ – ગુજરાત) (૪) રેણુકા ક્ષેત્ર (મથુરા પાસે – ઉત્તરપ્રદેશ) (૫) ભૃગુક્ષેત્ર (ભરૂચ–ગુજરાત) (૬) પુરુષોતમ ક્ષેત્ર (જગન્નાથપુરી –ઓરિસ્સા) (૭) સુકરક્ષેત્ર (સોરા–ઉત્તરપ્રદેશ)

**(૧૫) પંચસરોવર**

(૧) બિંદુ સરોવર (સિદ્ધપુર–ગુજરાત) (૨) નારાયણ સરોવર (કચ્છ) (૩) પંપા સરોવર (કર્ણાટક) (૪) પુષ્કર સરોવર (રાજસ્થાન) (૫) માનસ સરોવર (તિબેટ)

**(૧૬) નવ અરણ્ય (વન)**

(૧) દંડકારણ્ય (નાસિક) (૨) સૈન્ધાવારણ્ય (સિન્ધુ નદીના કિનારે) (૩) નૈમિષારણ્ય (સીતાપુર–ઉત્તરપ્રદેશ) (૪) કુરુ–મંગલ (કુરુક્ષેત્ર–હરિયાણા) (૫) કુરુ–મંગલ (કુરુક્ષેત્ર–હરિયાણા) (૬)ઉત્પલાવર્તક (બ્રહ્માવર્ત – કાનપુર) (૭)જંબુમાર્ગ (શ્રી રંગનાથ – ત્રિચિનાપલ્લી) (૮) અર્બુદારણ્ય (આબુ) (૯) હિમવદારણ્ય (હિમાલય)

**(૧૭) ચૌદ પ્રયાગ**

(૧) પ્રયાગરાજ (ગંગા, યમુના, સરસ્વતી) (૨) દેવપ્રયાગ (અલકનંદા, ભાગીરથી) (૩) રુદ્રપ્રયાગ (અલકનંદા, મંદાકિની) (૪) કર્ણપ્રયાગ (અલકનંદા, પિંડારગંગા) (૫) નંદપ્રયાગ (અલકનંદા, નંદા) (૬) વિષ્ણુપ્રયાગ (અલકનંદા, વિષ્ણુગંગા) (૭) સૂર્યપ્રયોગ (મંદાકિની, અલસતરંગિણી) (૮) ઈન્દ્રપ્રયોગ (ભાગીરથી, વ્યાસગંગા) (૯) સોમપ્રયોગ (મંદાકિની, સોમગંગા) (૧૦) ભાસ્કર પ્રયાગ (ભાગીરથી, ભાસ્કરગંગા) (૧૧) હરિપ્રયાગ (ભાગીરથી, હરિગંગા) (૧૨) ગુપ્તપ્રયાગ (ભાગીરથી, નીલગંગા) (૧૩) શ્યામગંગા (ભાગીરથી, શ્યામગંગા) (૧૪) કેશવપ્રયાગ (ભાગીરથી, સરસ્વતી)

**(૧૮) પ્રધાન દેવીપીઠ**

(૧) કામાક્ષી (કાંજીવરમ્ - તામિલનાડુ) (૨) ભ્રમરાંબા (શ્રીશૈલ-આંધ્રપ્રદેશ) (૩) કન્યાકુમારી (તામિલનાડુ) (૪) અંબાજી (ઉત્તર ગુજરાત) (૫) મહાલક્ષ્મી (કોલ્હાપુર, મહારાષ્ટ્ર) (૬) મહાકાલી (ઉજ્જૈન, મધ્યપ્રદેશ) (૭) લલિતા (પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ) (૮) વિંધ્યવાસિની (વિંધ્યાચલ, ઉત્તરપ્રદેશ) (૯) વિશાલાક્ષી (કાશી, ઉત્તરપ્રદેશ) (૧૦) મંગલાવતી (ગયા-બિહાર) (૧૧) સુંદરી (અગરતાલ, ત્રિપુરા) (૧૨) ગૃહેશ્વરી (ખટમંડુ-નેપાલ)

**(૧૯) શ્રી શંકરાચાર્ય દ્વારા સ્થાપિત પાંચ પીઠ**

(૧) જ્યોતિષ્પીઠ (જોષીમઠ-ઉત્તરાંચલ) (૨) ગોવર્ધપીઠ (જગન્નાથપુરી-ઓરિસ્સા) (૩) શારદાપીઠ (દ્વારિકા-ગુજરાત) (૪) શ્રૃંગેરીપીઠ (શ્રૃંગેરી - કર્ણાટક) (૫) કામોકોટિપીઠ (કાંજીવરમ - તામિલનાડુ)

**(૨૦) ચાર પુરુષાર્થ**

(૧) ધર્મ (૨) અર્થ (૩) કામ (૪) મોક્ષ (વૈષ્ણવો 'પ્રેમ'ને પંચમ પુરુષાર્થ ગણે છે)

**(૨૧) ચાર આશ્રમ**

(૧) બ્રહ્મચર્યાશ્રમ (૨) ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ (૪) સંન્યાસશ્રમ

**(૨૨) હિન્દુ ધર્મની કેટલીક મુલ્યવાન પરંપરાઓ**

(૧) યજ્ઞ (૨) પૂજન (૩) સંધ્યા (૪) શ્રાદ્ધ (૫) તર્પણ (૬) યજ્ઞોપવીત (૭) સૂર્યને અર્ઘ્ય (૮) તીર્થયાત્રા (૯) ગોદાન (૧૦) ગોરક્ષા-ગોપાષણ (૧૧) દાન (૧૨) ગંગાસ્નાન (૧૩) યમુનાપાન (૧૪) ભૂમિપૂજન શિલાન્યાસ વાસ્તુવિધિ (૧૫) સૂતક (૧૬) તિલક (૧૭) કંઠા-માળા (૧૮) ચાંદલો, ચૂડી, સિંદૂર (૧૯) નૈવેદ્ય (૨૦) મંદિરમાં દેવ દર્શન, આરતી દર્શન (૨૧) પીપળે પાણી રેડવું (૨૨) તુલસીજળ આપવું (૨૩) અન્નદાન - અન્નક્ષેત્ર

**(૨૩) આપણા કુલ ૪ વેદો છે**

(૧) ઋગ્વેદ (૨) સામવેદ (૩) અથર્વેદ (૪) યજુર્વેદ

**(૨૪) ભારતીય તત્વજ્ઞાનની આધારશીલ પ્રસ્થાનત્રયી કહેવાય જેમાં ત્રણ ગ્રંથોનો સમાવેશ થાય છે**

(૧) ઉપનીષદો (૨) બ્રમ્હસુત્ર (૩) શ્રીમદ ભગવદગીતા

**(૨૫) આપણા કુલ ૬ શાસ્ત્ર છે**

(૧) વેદાંગ (૨) સાંખ્ય (૩) નિરૂક્ત (૪) વ્યાકરણ (૫) યોગ (૬) છંદ

**(૨૬) આપણી ૭ નદી**

(૧) ગંગા (૨) યમુના (૩) ગોદાવરી (૪) સરસ્વતી (૫) નર્મદા (૬) સિંધુ (૭) કાવેરી

**(૨૭) આપણા ૧૮ પુરાણ**

(૧) ભાગવતપુરાણ (૨) ગરૂડપુરાણ (૩) હરિવંશપુરાણ (૪) ભવિષ્યપુરાણ (૫) લિંગ પુરાણ (૬) પદ્મપુરાણ (૭) બાવનપુરાણ (૮) બાવનપુરાણ (૯)કર્મપુરાણ (૧૦) બ્રહ્માવતપુરાણ (૧૧) મત્સ્યપુરાણ (૧૨) સ્કંધપુરાણ (૧૩) સ્કંધપુરાણ (૧૪) નારણપુરાણ (૧૫) કલ્કિપુરાણ (૧૬) અગ્નિપુરાણ (૧૭) શિવપુરાણ (૧૮) વરાહપુરાણ

**(૨૮) પંચતત્વ :** (૧) પૃથ્વી (૨) જળ (૩) વાયુ (૪) આકાશ (૫) અગ્નિ

**(૨૯) ત્રણ ગુણ :** (૧) સત્વ (૨) રજ (૩) તમસ

**(૩૦) ત્રણ દોષ :** (૧) વાત (૨) પિત (૩) કફ

**(૩૧) ત્રણ લોક :** (૧) આકાશ (૨) મૃત્યુલોક (૩) પાતાળ

**(૩૨) સાત સાગર**

(૧) ક્ષીર સાગર (૨) દુધ સાગર (૩) ધૃત સાગર (૪) પથાર સાગર (૫) મધુ સાગર (૬) મદિરા સાગર (૭) લડુ સાગર

**(૩૩) સાત દ્વીપ**

(૧) જમ્બુ દ્વીપ (૨) પલક્ષ દ્વીપ (૩) કુશ દ્વીપ (૪) પુષ્કર દ્વીપ (૫) શંકર દ્વીપ (૬) કાંચ દ્વીપ (૭) શાલમાલી દ્વીપ

**(૩૪) ત્રણ દેવ :** (૧) બ્રહ્મા (૨) વિષ્ણુ (૩) મહેશ

**(૩૫) ત્રણ જીવ :** (૧) જલચર (૨) નભચર (૩) થલચર

**(૩૬) ત્રણ વાયુ :** (૧) શીતલ (૨) મંદ (૩) સુગંધ

**(૩૭) ચાર વર્ણ :** (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય (૪) ક્ષુદ્ર

**(૩૮) ચાર ફળ :** (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ (૪) મોક્ષ

**(૩૯) ચાર શત્રુ :** (૧) કામ (૨) ક્રોધ (૩) મોહ (૪) લોભ

**(૪૦) ચાર આશ્રમ :** (૧) બ્રહ્મચર્ય (૨) ગૃહસ્થ (૩) વાનપ્રસ્થ (૪) સંન્યા

**(૪૧) અષ્ટધાતુ :** (૧) સોનું (૨) ચાંદી (૩) તાબું (૪) લોખંડ (૫) સીસુ (૬) કાંસુ (૭) પિત્તળ (૮) રાંગ

**(૪૨) પંચદેવ :** (૧) બ્રહ્મા (૨) વિષ્ણુ (૩) મહેશ (૪) ગણેશ (૫) સૂર્ય

**(૪૩) ચૌદ રત્ન :**

(૧) અમૃત (૨) ઐરાવત હાથી (૩) કલ્પવૃક્ષ (૪) વૃષ (૫) કૌસ્તુભમણી (૬) ઉચ્ચૈશ્રા ઘોડો (૭) પચજન્ય શંખ (૮) ચન્દ્રમા (૯) ધનુષ (૧૦) કામધેનુ (૧૧) ધનવન્તરિ (૧૨) રંભા અપ્સર (૧૩) લક્ષ્મીજી (૧૪) વારુણી

**(૪૪) નવધા ભક્તિ :** (૧) શ્રવણ (૨) કીર્તન (૩) સ્મરણ (૪) પાદસેવન (૫) અર્ચના (૬) વંદના (૭) મિત્ર (૮) દાસ્ય (૯) આત્મનિવેદન

**(૪૫) ચૌદભુવન :** (૧) તલ (૨) અતલ (૩) વિતલ (૪) સુતલ (૫) સસાતલ (૬) પાતાલ (૭) ભુવલોક (૮) ભુલૌકા (૯) સ્વર્ગ (૧૦) મૃત્યુલોક (૧૧) યમલોક (૧૨) વરૂણલોક (૧૩) સત્યલોક (૧૪) બ્રહ્મલોક

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

૧-૨, રામેશ્વર એપાર્ટમેન્ટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, ,
મણીનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮

બાજખેડાવાળ સમાજની સમગ્ર જ્ઞાતિ સંસ્થાઓ આપના વડે, આપના માટે જ્ઞાતિ ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટો કરતી હોય છે. જ્યારે જ્યારે નાણાંની જરૂર પડે ત્યારે ત્યારે જ્ઞાતિજનો સમક્ષ જતી હોય છે બાજખેડાવાળ જ્ઞાતિ સમાજની એક આગવી ઓળખ છે કે દરેક ગામે ગામમાં લેવાતા ડોનેશનોના વ્યાજમાંથી જ સંસ્થાના હોદ્દેદારો વહીવટ કરતા હોય છે. મૂડી ક્યારેય ક્યાંય વપરાતી નથી. સારા નરસાં પ્રસંગોમાં બહુજન હિતાય બહુજન સુખાય જ્ઞાતિના ઉત્કર્ષ માટે જ રકમ વપરાય છે.

હાલની કોરોના મહામારીની પરિસ્થિતિમાં અલગ અલગ સમાજ (જ્ઞાતિમંડળો) દ્વારા અલગ-અલગ પિતાનું છત્ર ગુમાવેલ બાળકો માટે મદદરૂપ થવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. આવા સંજોગોમાં જાહેરાત વાંચીને રકમ લેવા દોડી જઈને તમારી પોતાની જાતને ક્ષોભ અનુભવે તેવું કરશો નહીં.

**આપને ખાસ વિનંતી કરવાની કે જે મંડળ દ્વારા આ સહાય આપવામાં આવે તે મંડળના અથવા તે સંસ્થાના તમે આજીવન સભ્ય કે શેર હોલ્ડર હોવા જરૂરી છે આ અંગેની પૂરી તપાસ કરી જ્યાં આપ લાભ મેળવવાને લાયક હોવ ત્યાં જ પ્રયત્ન કરશો. જ્યાં આજીવન સભ્ય કે શેર હોલ્ડરના હોવ ત્યાં આપને કિંમતી સમય બગાડી નાણાંને વ્યય કરશો નહીં.**

**દરેક સંસ્થાઓની ઓફિસનો સવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦માં રૂબરૂ માહિતી લઈ સંપર્ક કરવો.**

**પ્રમુખશ્રી / મંત્રીશ્રી તથા જ્ઞાતિ સમાજની વિવિધ સંસ્થાઓ કે**
**જેઓ આ રીતે મદદરૂપ થાય છે તે બધા મંડળો**

**સમીર દવે - મંત્રીશ્રી**

---

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, તા. જી. આણંદ.

હાલની કોરોના મહામારીની અસર આપણા જ્ઞાતિસમાજ પર પણ થયેલ છે. આવા સંજોગોમાં બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા મદદરૂપ થવાના ભાગ રૂપે **ફક્ત સંસ્થાના આજીવન સભ્યો હોય** કે જેના પિતા ગુજરી ગયા હોય તેવા જરૂરીયાતમંદ બાળકોને (કુટુંબને) મદદરૂપ થવાના ભાગ રૂપે ગુજરી જનાર આજીવન સભ્યના બે બાળકો પુરતું મર્યાદિત રહેશે. વિદ્યાર્થીને પ્રત્યેક વર્ષે ભણે ત્યાં સુધી રૂ. ૫૦૦૦/- ટ્યુશન ફી સંસ્થાએ આપવાનું નક્કી કરેલ છે. છેલ્લા વર્ષની માર્કશીટ અને ચાલુ વર્ષની ફી ભર્યાની પહોંચની ઝેરોક્ષ કોપી આપવાની રહેશે. રકમ ફક્ત ચેકથી આપવામાં આવશે.

**કિરીટકુમાર દવે - મંત્રીશ્રી**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

૧-૨, રામેશ્વર એપાર્ટમેન્ટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, ,
મણીનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮

હાલની કોરોના મહામારીની અસર આપણા જ્ઞાતિસમાજ પર પણ થયેલ છે. આવા સંજોગોમાં શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા મદદરૂપ થવાના ભાગ રૂપે **ફક્ત સંસ્થાના આજીવન સભ્યો હોય** કે જેના પિતા ગુજરી ગયા હોય તેવા જરૂરીયાતમંદ બાળકોને (કુટુંબને) મદદરૂપ થવાના ભાગ રૂપે ગુજરી જનાર આજીવન સભ્યના બે બાળકો પુરતું મર્યાદિત રહેશે. વિદ્યાર્થીને પ્રત્યેક વર્ષે ભણે ત્યાં સુધી રૂ. ૫૦૦૦/- ટ્યુશન ફી સંસ્થાએ આપવાનું નક્કી કરેલ છે. છેલ્લા વર્ષની માર્કશીટ અને ચાલુ વર્ષની ફી ભર્યાની પહોંચની ઝેરોક્ષ કોપી આપવાની રહેશે. રકમ ફક્ત ચેકથી આપવામાં આવશે.

**સમીર દવે - મંત્રીશ્રી**

---

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.

૧-૨, રામેશ્વર એપાર્ટમેન્ટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, ,
મણીનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮

હાલની કોરોના મહામારીની અસર આપણા જ્ઞાતિસમાજ પર પણ થયેલ છે. આવા સંજોગોમાં શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. દ્વારા મદદરૂપ થવાના ભાગ રૂપે **ફક્ત સંસ્થાના શેર સભાસદ હોય** કે જેના પિતા ગુજરી ગયા હોય તેવા જરૂરીયાતમંદ બાળકોને (કુટુંબને) મદદરૂપ થવાના ભાગ રૂપે ગુજરી જનાર આજીવન સભ્યના બે બાળકો પુરતું મર્યાદિત રહેશે. વિદ્યાર્થીને પ્રત્યેક વર્ષે ભણે ત્યાં સુધી રૂ. ૫૦૦૦/- ટ્યુશન ફી સંસ્થાએ આપવાનું નક્કી કરેલ છે. છેલ્લા વર્ષની માર્કશીટ અને ચાલુ વર્ષની ફી ભર્યાની પહોંચની ઝેરોક્ષ કોપી આપવાની રહેશે. રકમ ફક્ત ચેકથી આપવામાં આવશે.

**પ્રણવ જોષી - મંત્રીશ્રી**

---

## શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ.

હાલની કોરોના મહામારીની અસર આપણા જ્ઞાતિસમાજ પર પણ થયેલ છે. આવા સંજોગોમાં શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ દ્વારા મદદરૂપ થવાના ભાગ રૂપે **ફક્ત સંસ્થાના આજીવન સભ્યો હોય** કે જેના પિતા ગુજરી ગયા હોય તેવા જરૂરીયાતમંદ બાળકોને (કુટુંબને) મદદરૂપ થવાના ભાગ રૂપે ગુજરી જનાર આજીવન સભ્યના બે બાળકો પુરતું મર્યાદિત રહેશે. વિદ્યાર્થીને પ્રત્યેક વર્ષે ભણે ત્યાં સુધી રૂ. ૩૦૦૦/- ટ્યુશન ફી સંસ્થાએ આપવાનું નક્કી કરેલ છે. છેલ્લા વર્ષની માર્કશીટ અને ચાલુ વર્ષની ફી ભર્યાની પહોંચની ઝેરોક્ષ કોપી આપવાની રહેશે. રકમ ફક્ત ચેકથી આપવામાં આવશે.

**રાજેશકુમાર દવે - મંત્રીશ્રી**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**સ્વ. ભાનુમતીબેન ચંદ્રશંકર ઠાકર**

જન્મ તા. ૨૯-૧૧-૧૯૩૫ અવસાન તા. ૧૬-૦૭-૨૦૧૭

સ્વ. ભાનુમતી ચંદ્રશંકર ઠાકરની સ્મૃતિ રૂપે તેઓના કુટુંબીજનો તરફથી ભેટ

શ્રદ્ધાંજલી સહ વંદન

**ચંદ્રશંકર જયશંકર ઠાકર**

**મયંક ચંદ્રશંકર ઠાકર**
**સ્વ. હેમંત ચંદ્રશંકર ઠાકર**
**વિજય ચંદ્રશંકર ઠાકર**

**કાશ્મીરા નિતેષકુમાર શુકલ**
**કરણ હેમંતકુમાર ઠાકર**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



### શ્રદ્ધાંજલી - સ્વ. શ્રી વિઠ્ઠલરાય ભટ્ટ

સ્વ. શ્રી વિઠ્ઠલરાય ભટ્ટ બી.એ., એલ.એલ.બી. સાહિત્યરત્ન (પ્રયાગ) સુધીનો અભ્યાસ કરેલ તેમનો જન્મ ઉમરેઠ મુકામે થયેલ તેઓશ્રી અભ્યાસ બાદ સને ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી ઉમરેઠની જાણીતી શાળા એમ.એમ. દવે હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા ત્યારબાદ સને ૧૯૫૭ના ઓકટોબર માસમાં ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટમા ંસિનીયર કલાર્ક તરીકે જોડાયા અને ઉત્તરોત્તર પ્રગતિ કરી સને ૧૯૬૭માં ગેઝેટેડ ઓફિસર કલાસ-૨ તથા સને ૧૯૭૮માં પ્રમોશન મળવાથી કલાસ-૧ IRS તરીકેની બઢતી મેળવી સને ૧૯૯૩ માર્ચ માસમાં જોઈન્ટ કમિશ્નર ઈન્કમટેક્ષ તરીકે નિવૃત્ત થયા. ઈન્કમટેક્ષ ડીપાર્ટમેનટ તરફથી કાળાનાણાંની શોધ માટે પાડવામાં આવતા અનેક દરોડાઓમં ગ્રુપ લીડર તરીકે ભાગ લીધો હતો અને આ અંગે તે સમયના નાણાપ્રધાન શ્રી વી. પી. સીંઘ તથા સેન્ટ્રલ બોર્ડ ઓપ ડાયરેક્ટ ટેક્ષના ચેરમેનશ્રી તરફથી અભિનંદન તેમજ રોકડ પુરસ્કારો પણ મેળવ્યા હતા. તેઓ નોકરી અર્થે જુદા જુદા શહેરોમાં કામગીરી બજાવી હતી જેવા કે રાજકોટ, ભુજ, અમદાવાદ તેઓને ડીપાર્ટમેન્ટ તરફથી ટી.વી. કાર્યક્રમો, રેડીયો વાર્તાલાપો તેમજ જાહેર સંપર્કના અનેક કાર્યક્રમોમાં વાર્તાલાપ માટે અનેકો વખત જવાનો મોકો મળ્યો હતો. તેઓની ખાસ બાબત એ હતી કે ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટના કર્મચારીઓ માટે તેઓએ કો.ઓ. ક્રેડીટ સોસાયટીનું બંધારણ બનાવી તેની શરૂઆત કરી હતી અને આ સોસાયટીના સતત ૧૫ વર્ષ સુધી માનદ્ સેક્રેટરી તરીકે સેવા આપી હતી અને જયારે નિવૃત્તિનો સમય નજીક હતો ત્યારે આ કર્મચારી કો. ઓ. ક્રેડીટ સોસાયટીના પ્રમુખ તરીકે કાર્યરત હતા તેઓએ નોકરી દરમિયાન જ્ઞાતિજનોના બાળકોને ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટમાં નોકરી મેળવવામાં સહાય કરી હતી. નિવૃત્તિ બાદ જ્ઞાતિના મંડળોમાં સક્રીય રસ લઈ રહ્યા હતા. તેઓ શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદના ટ્રસ્ટી તરીકે સંસ્થા સાથે સંકળાયા હતા તેમજ તમામ કાર્યકરોના આગ્રહથી સને ૨૦૦૫માં ટ્રસ્ટીમાંથી સંસ્થાના પ્રમુખથ તરીકે કામગીરી બજાવી હતી. તેઓના પ્રમુખ પણા હેઠળ ૨૦૦૭મા ંહોલ રીનોવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નોંધનીય બાબત એ હતી કે હોલનો મેરેજ હોલ એરકન્ડીશન્ડ કરવામાં આવ્યો હતો. તેઓ શ્રી અખિલ ભારતીય હિતવર્ધક સભાના ટ્રસ્ટી તરીકે પણ રહી ચુક્યા હતા. અને બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીના કારોબારી સભ્ય તરીકે પણ પોતાની સેવાઓ આપી ચૂક્યા હતા. તેઓશ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવે ફાઉન્ડેશન ટ્રસ્ટ ફંડ અને શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા અને શ્રી જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડના ચેરમેન ટ્રસ્ટી તરીકે જીવ્યા ત્યાં સુધી સેવાઓ આપતા હતાં. તેઓને ચાર દિકરીઓ હતી જેમાં સ્મિતાબેન કાર્તિક શુકલ, નીતાબેન જનક પંડ્યા, ટીના વિક્રમ પંડ્યા, પિન્કી શ્રીનાથ દેસાઈ જેમાં સ્મિતાબેન હાલ સુરત ખાતે વસવાટ કરે છે અને નીતાબેન, રીનાબેન, પિન્કીબેન યુ.એસ.એ. ખાતે વસવાટ કરે છે. તેઓશ્રીનું ૨૫-૨-૨૦૨૧ને રવિવારે તેમના દિકરી સ્મિતાબેનને ત્યાં અક્ષરનિવાસી થયા તેમના દેહાવસાનથી બાજખેડાવાળ સમાજે એક મોભી ગુમાવ્યા છે અને શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળે તો તેમના પિતાતુલ્ય અગ્રણી, મોભી, કાર્યકર અભ્યાસુ, નાણાકીય સુઝબુઝ સાથે નાણાંકીય કાયદાઓના જાણકાર વ્યક્તિત્વ ગુમાવ્યુ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે તે જ પ્રાર્થના જય સ્વામિનારાયણ.

**શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ**

**ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા કો. ઓપ્ટ. સભ્યશ્રીઓ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



### શ્રદ્ધાંજલી - સ્વ. શ્રી અરૂણભાઈ પ્રાણલાલ દવે

સ્વ. શ્રી અરૂણભાઈ પ્રાણલાલ દવેનો જન્મ તા. ૧૩-૯-૧૯૪૧ના રોજ શ્રી પ્રાણલાલભાઈ દવે પાટડી ચકલા, ઉમરેઠ મુકામે થયો હતો. તેઓ બી.કોમ.ની ડીગ્રી સાથે સ્નાતક થયેલ તેઓ ભારત સરકારના ઈન્ડીયન એકાઉન્ટસ એન્ડ ઓડિટ ડીપાર્ટમેન્ટ એ.જી. ઓફીસમાં કાર્યરત હતા. તેઓએ ભારત સરકારને ૩૭ વર્ષ પોતાની સેવાઓ આપી હતી. સને ૨૦૦૧માં સિનિયર ઓડીટ ઓફિસરના પદ પરથી નિવૃત્ત થયા હતા તેઓ શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળમાં ખજાનચી તરીકે જ્ઞાતિ સમાજ સાથે જોડાયા તેમને સંસ્થા સાથે સંકળાવાથી એક બળ મલ્યુ હતુ તેમના ઓડિટ અંગેના અભ્યાસથી સંસ્થાને ઘણો મોટો લાભ મળતો હતો. તેઓ સ્વભાવે સરળ વ્યક્તિત્વ હતુ. પરગજુ, સ્વભાવ, મદદ કરવાની ભાવના સાથે સંસ્થામાં સેવાકીય પ્રવૃતિઓને આગળ ધપાવવામાં મદદરૂપ થતા સંસ્થાના નિયમો મુજબ ખજાનચીમાંથી નિવૃત્ત થતાં તેમની સેવાઓ, તેમના અભ્યાસ વ્યક્તિત્વ તેઓની સુઝ, સમજને ધ્યાનમાં લયી તેઓની ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ટ્રસ્ટી તરીકે પણ તેમની ફરજો ખૂબ જ અનુભવથી અને ખુબ જ કાળજી અને ઝીણવટપૂર્વક નિભાવતા જ્ઞાતિ સમાજના હરએક વ્યક્તિને તેઓ કૌટુંબીક રીતે પણ જાણતા અને ઓળખતા અને દરેક જ્ઞાતિજનને ક્યારે કેવી રીતે સંસ્થા દ્વારા મદદ થઈ શકે તે માહિતી જે તે સમયના પ્રમુખ, મંત્રીશ્રીઓને આપતા હતા. જેનાથી જ્ઞાતિસમાજને ઘણો બધો લાભ મળી રહેતો હતો. સંસ્થાના કામ અર્થે તેઓ ગમે ત્યારે ગમે તેવા સમયે સંસ્થાના કાર્યાલય ઉપર હાજર રહી યોગ્ય માર્ગદર્શન આપતા સંસ્થાના ઓડિટના સમયમાં સતત પાંચ પાંચ દિવસ સુધી સવાર થી સાંજ સુધી કાર્યાલય ઉપર હાજર રહી ચાર્ટડ એકાઉન્ટન્ટને માહિતી પુરી પાડવા અને સંસ્થાના વિકાસમાં પોતાનો અમૂલ્ય ફાળો આપતા હતા. શ્રી પ્રાણશંકરભાઈ હોલના શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સાથે તેઓએ પોતાના કિંમતી દસ વર્ષનો સિંહફાળો આપ્યો હતો. તેઓ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં ટ્રસ્ટી તરીકે તેમજ શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયહ સહ. મંડળી લી. માં પણ કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપેલ હતી.

તેઓની પત્ની શ્રીમતી હેમલતાબેન અરૂણભાઈ દવે એ પણ રાજ્યની અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત સ્કુલ બોર્ડની શાળામાં શિક્ષિકા તરીકે કાર્યરત હતા અને રીટાયર્ડ વખતે તેઓ સ્કુલબોર્ડની જે-તે શાળાના પ્રિન્સિપાલ તરીકે રીટાયર્ડ થયા સ્વ. શ્રી અરૂણભાઈ પ્રાણલાલ દવેને બે દિકરીઓ જેમાં (૧) રાગિણીબેન કેતનકુમાર ભટ્ટ જેઓને માતા-પિતાના સેવાના સંસ્કાર મળે જેથી તેઓ જ્ઞાતિસમાજની મહીલા પ્રવૃતિઓ સાથે સંકળાયેલા હતા અને (૨) જ્યોતિબેન જેઓ તેમના કુટુંબ સાથે ભરૂચ ખાતે વસવાટ કરે છે તેમનો સ્વભાવ પણ જરૂરીયાતમંદની મદદ કરવાનો હરહંમેશ રહેલ છે જેથી અવારનવાર જુદી જુદી સંસ્થાઓને તેમના તરફથી આર્થિક યોગદાન મળતુ જ રહે છે. આવા ઉચ્ચ અભ્યાસુ સંસ્કૃતના જાણકાર કુટુંબના મોભી શ્રી અરૂણભાઈ પ્રાણલાલ દવેનું તા. ૦૮-૦૫-૨૦૨૧ના રોજ દેહાવસાન થયેલ છે. સંસ્થાએ એક અનુભવી, અભ્યાસુ, નિખાલસ, મદદગાર, શાંતિપ્રિય, વ્યક્તિત્વ ગુમાવ્યુ છે. જેની ખોટ ક્યારેય પુરી શકાય તેવી નથી પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેવી ઈષ્ટદેવને પ્રાર્થના.

**શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ**
**ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ. કારોબારી સભ્યશ્રીઓ તથા કો. ઓપ્ટ. સભ્યશ્રીઓ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ४६००/-ના દાતા



**સ્વ. શ્રીમતી નર્મદાબેન જી. શેલત** — સ્વ. તા. ૨૨-૦૭-૧૯૯૮

**સ્વ. શ્રી ગણપતલાલ વ્રજલાલ શેલત** — સ્વ.તા. ૩૧-૧૦-૧૯૫૫

મૂળ ઉમરેઠના હાલ અમદાવાદ નિવાસી સ્વ. ગણપતલાલ વ્રજલાલ શેલત તથા તેમના ધર્મપત્નિ ગં.સ્વ. નર્મદાબેન ગણપતલાલ શેલત સ્વભાવે લાગણીશીલ અને પોતાના સંતાનોને સતત હૂક અને વાત્સલ્ય આપેલ છે. અને તે અત્યારે પણ તેમના આર્શીવાદ અમોને હ્દયસ્થરૂપે મળતા રહ્યા છે. તેઓને ત્રણ દિકરા તથા એક દિકરીને ભણાવીને તેમને સારા સંસ્કાર આપીને પ્રોત્સાહિત કર્યા. તેઓનું મધુર વ્યક્તિત્વ, નિખાલસ વિચારો, ઉચ્ચ વ્યક્તિત્વ, નિડરતા અને પ્રેમાળ અને પરિવાર પ્રત્યેની લાગણીઓની યાદ અત્યારે પણ અનુભવાય છે.

સમગ્ર શેલત પરિવાર તરફથી તેઓશ્રીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

| | | |
|---|---|---|
| સ્વ. શ્રી કાંતિલાલ ગણપતલાલ શેલત | સ્વ. ચંદ્રવદન ગણપતલાલ શેલત | શ્રી મનહરલાલ ગણપતલાલ શેલત |
| સ્વ. શ્રી મધુકાન્તાબેન કાંતિલાલ શેલત | સ્વ. શ્રી ભારતીબેન ચંદ્રવદન શેલત | શ્રીમતી કોકીલા મનહરલાલ શેલત |
| શ્રી ચેતન કાંતિલાલ શેલત | શ્રી રાજેશ ચંદ્રવદન શેલત | શ્રી ગૌરાંગ મનહરલાલ શેલત |
| શ્રીમતી હર્ષા ચેતનકુમાર શેલત | શ્રી પરેશ ચંદ્રવદન શેલત | શ્રીમતી હર્ષા ગૌરાંગકુમાર શેલત |
| શ્રી દ્વીજેન કાંતિલાલ શેલત | શ્રીમતી કિર્તી રાજેશકુમાર શેલત | સ્વ. શ્રી શશાંક મનહરલાલ શેલત |
| શ્રીમતી ધર્મિષ્ઠા દ્વિજેનકુમાર શેલત | | |

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૪૬૦૦/-ના દાતા



**સ્વ. નવનીતલાલ મૂળશંકર જોષી અ.સૌ.સ્વ.શ્રીમતી ઈન્દુમતીબેન એન. જોષી**

સ્વ. તા. ૦૩-૦૨-૨૦૦૩ સ્વ.તા. ૨૭-૦૫-૧૯૯૯

જ્ઞાતિરત્નોનું સ્મરણ જ તેમના સંસ્કારોની સુગંધ ચોમેર તેમની સ્મૃતિ તાજી કરે છે. સ્વ. નવનીતલાલ મૂળશંકર જોષી અને તેમના ધર્મપત્ની સ્વ. ઈન્દુમતીબેન નવનીતલાલ જોષી મૂળ ઉમરેઠના જેઓએ પોતાના જીવનકાળ અમદાવાદમાં પસાર કર્યો અને તેમની પેઢી અમદાવાદમાં સ્થાયી થયેલ છે.

બંને સાથે મળીને પોતાના ગૃહસ્થ ધર્મ ખૂબ જ સહજતાથી નિભાવ્યો અને આખરી પડાવ સુધી બંનેએ એકબીજાને સાથ સહકાર આપ્યો. જીવનમાં આવેલી તકલીફોને હસ્તે મુખે પડકારીને તેમનાં ચારેય સંતાનોની માવજત કરી અને જીવન ગણતરના પાઠ શીખવાડી તેમનું ઘડતર કર્યું. માતા-પિતાના આ વારસાના વૈભવને તેમનાં સંતાનો ગૌરવભેર આગળ વધારી રહ્યાં છે. તેમનું સંપૂર્ણ વર્ણન તો શક્ય નથી પરંતુ તેઓનાં પાવન આર્શીવાદ સદા અમારા પરિવારને મળતાં રહે

શ્રી ભાસ્કરભાઈ નવનીતલાલ જોષી
શ્રીમતી દિપ્તીબેન ભાસ્કરભાઈ જોષી

ગં.સ્વ. રક્ષાબેન વાસુદેવભાઈ શુકલ
શ્રી વાસુદેવભાઈ કૃષ્ણપ્રસાદ શુકલ

શ્રીમતી પ્રજ્ઞાબેન દશરથભાઈ શુકલ
શ્રી દશરથભાઈ નર્મદાશંકર શુકલ

શ્રીમતી લીનાબેન ગીરીશભાઈ પંડ્યા
શ્રી ગીરીશભાઈ મોહનલાલ પંડ્યા

સ્વ. ગણપતલાલ વ્રજલાલ શેલત પરિવાર

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૩૦૦/-ના દાતા



**સ્વ. શ્રી શશાંક મનહરલાલ શેલત**

મૂળ ઉમરેઠહાલ અમદાવાદ નિવાસી સ્વ. શ્રી શશાંક મનહરલાલ શેલત સ્વભાવે, લાગણીશીલ, ખૂબ જ મહેનતુ અને પરોપકારી ગમે તેનું કામ હોય. હસતા મોઢે કરવા તત્પર રહેતો. આજ તે અમારી વચ્ચે નથી પરંતુ અમોને તેની યાદ ખૂબ જ આવે છે અને આવતી રહેશે. ખૂબ જ નાની ઉંમરે કેન્સરની બિમારીને કારણે તે અમારા વચ્ચેથી ભગવાનની પાસે જતો રહ્યો. તેનું મધુર વ્યક્તિત્વ, પ્રેમાળ પરિવાર પ્રત્યેની લાગણીઓની યાદ અત્યારે પણ અનુભવાય છે. સમગ્ર શેલત પરિવાર તરફથી તેને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

શ્રી મનહરલાલ ગણપતલાલ શેલત
શ્રીમતી કોકીલાબેન મનહરલાલ શેલત
શ્રી ગૌરાંગ મનહરલાલ શેલત
શ્રીમતી હર્ષા ગૌરાંગ શેલત

શ્રી નીલેશકુમાર મનુભાઈ દવે
શ્રીમતી દિપાલીબેન નીલેશકુમાર દવે
શ્રી દેવાંગકુમાર નરેશકુમાર ખત્રી
શ્રીમતી પ્રણામી દેવાંગકુમાર ખત્રી
શ્રી અગત્સ્ય દેવાંગકુમાર ખત્રી
શ્રી કર્મિનકુમાર મુકેશભાઈ રાવલ
શ્રીમતી કૃતજ્ઞા કર્મિનકુમાર રાવલ

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૧૦૦/–ના દાતા



**સ્વ. જયંતિલાલ હરિપ્રસાદ દવે (ચેન્નાઈ)**

જ. તા. ૧૦–૦૨–૧૯૪૮ સ્વ.તા. ૧૬–૦૫–૨૦૨૧

સોજીત્રા નિવાસી પિતાશ્રી સ્વ. હરિપ્રસાદ જેઠાલાલ દવે અને માતાશ્રી સ્વ. તારાબેન હરિપ્રસાદ દવેના પુત્ર જયંતીલાલનો જન્મ સોજીત્રા મુકામે તથા સોજીત્રાના વતની સ્વ. ચંદ્રકાંત ગણપતરામ દવેની પુત્રી શ્રી અનિલાબેન સાથે તેઓ લગ્નગ્રંથીથી જોડાયેલા હતા.

કુટુંબ સાથે ચેન્નાઈ આવીને સ્થાયી થયા બાદ અભ્યાસપૂરો કરી ધંધો "મહાલક્ષ્મી કોર્પોરેશન (નોન ફેરસ) શરૂ કરેલ તેઓના સખત પરિશ્રમ અને સ્વ. મનહરલાલ હરિપ્રસાદ દવે (મોટાભાઈ)ના માર્ગદર્શન અને શ્રી અશોકભાઈ હરિપ્રસાદ દવે (નાનાભાઈ)ના સાથમાં રાખીને ધંધાને ઊંચાઈ ઉપર લઈ જવામાં અગ્રિમ ફાળો આપ્યો હતો.

હાલમાં તેમની પ્રેરણાથી તેમના બંને પુત્રો શ્રી ધર્મેશ તથા શ્રી ઈલેશ તથા ભત્રિજા શ્રી સુશીલ અશોકભાઈ દવે ધંધાને આગળ ધપાવી રહ્યા છે.

તેઓ નિર્મળ સ્વભાવ ઉચ્ચવિચારો, નીડરતા અને કુટુંબ પ્રત્યે લાગણી ધરાવતા–જયંતીલાલ દવેની અણધારી વિસમી વિદાય લઈને કુટુંબીજનો, મિત્ર મંડળ, જ્ઞાતિબંધુઓ તથા દેવદર્શન ફ્લેટના રહીશો શોકની લાગણી અનુભવી રહ્યા છે."

તેઓના આત્માને દિવ્યશાંતિ મળે તેવી અભ્યર્થના સાથે દવે પરિવારની શ્રદ્ધાંજલી.

**જય અંબા માતાની વંદના સાથે**

**અશોકભાઈ હરિપ્રસાદ દવે ધર્મેશ જયંતીલાલ દવે ઈલેશ જયંતીલાલ દવે**

**તથા (સ્વ. હરિપ્રસાદ દવે પરિવાર)**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૫૦૦૦/-ના દાતા



**સ્વ. શ્રીમતી હંસાબેન દેસાઈ**

જ. તા. ૨૧-૧૧-૧૯૫૧ સ્વ.તા. ૧૧-૦૪-૨૦૨૧

શ્રી રામચંદ્રદવેના સુપુત્રી સ્વ. શ્રીમતી હંસાબેન દેસાઈનો જન્મ નડિયાદમાં તા. ૨૧-૧૧-૧૯૫૧ના રોજ થયો હતો. તેમનું બાળપણ માતૃશ્રી ગોદાવરીબેનની છત્રછાયામાં સ્નેહ અને આનંદથી પસાર થયું. તેમના આ સુખી કુટુંબમાં માતા-પિતા અને કુલ નવ ભાઈ-બહેનોનો પ્રેમાળ સંગાથ હતો. જેમાં તેઓ સૌથી નાના હતા. તેઓ શાળામાં ભણતા હતા ત્યારે બાપુજી દેવશરણ પામ્યાં પણ મોટાભાઈ અને બહેનો તેમને ખૂબ લાડ પ્રેમથી ઉછેર્યા. બધાની આ લાડકીએ બી.એ., બી.એડ્નું ભણતર પૂરું કરીને શિક્ષિકા તરીકે શાળામાં નોકરી કરી.

